યલો એલર્ટ

શહેરમાં એક જ દિવસમાં ૮ ડિગ્રી પારો ગગડતા વિક્રમ ઠંડી : પારો ૭.૩

શહેરમાં પુનઃ કોલ્ડવેવ : અગાઉ ૨૧-૨૨ ડિસેમ્બરના રોજ લઘુત્તમ તાપમાન ૬.૫ ડિ.સે. નોંધાયુ હતુ : આગામી બે દિવસ કાતિલ ઠંડીની આગાહી

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરમાં કોલ્ડવેવની અસર જોવા મળી રહી છે. એક જ દિવસમાં લઘુત્તમ તાપમાનમાં ૮ ડિગ્રી ગીરાવટ જોવા મળી હતી. લઘુત્તમ તાપમાન ૭.૩ ડિ.સે. નોંધાતા વસાહતીઓ આકરી ઠંડીમાં ઠુંઠવાયા હતા. આગામી બે દિવસ વધુ આકરી ઠંડીની આગાહી કરી યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

માવઠાની અસર ઓછી થયા બાદ ગાંધીનગર સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં આકરી ઠંડી પડી રહી છે. લઘુત્તમ તાપમાનમાં એક જ દિવસમાં આઠ ડિગ્રી જેટલો ઘટાડો થતાં વસાહતીઓ ઠંડીમાં ઠુંઠવાયા હતા. બે દિવસ અગાઉ ગાંધીનગરમાં માવઠાની અસર જોવા મળી હતી. શહેર ઉપરાંત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી ઝાંપટુ પડ્યું હતું. આકાશમાં વાદળો હોવાથી લઘુત્તમ તાપમાન ઉંચુ રહ્યુ હતુ. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૫.૨ ડિ.સે. નોંધાયુ હતુ. જોકે વાદળો હટતા જ ઠંડીનો મિજાજ આકરો બન્યો હતો. એક જ દિવસમાં લઘુત્તમ તાપમાન સડસડાટ નીચે ઉતરી ગયુ હતુ અને પારો ૭.૩ ડિ.સે. નોંધાયો હતો. ઠંડા પવનોએ સાંજથી જનજીવનને અસ્તવ્યસ્ત કરી નાંખ્યુ હતુ. સાંજથી જ ઠંડી વધતા વસાહતીઓ ઘરમાં પુરાઈ ગયા હતા. રસ્તા પર વાહનોની અવરજવર સાવ ઘટી ગઈ હતી. સેક્ટરોમાં તો જાણે સાવ સુનકાર વ્યાપી ગયો હતો. એકલ દોકલ

વસાહતીઓ જ સેક્ટરોમાં જોવા મળતા હતા. વહેલી સવારે પણ ઠંડીની અસરના કારણે માર્ગો પર અવરજવર ઓછી જોવા મળી હતી. રવિવારની રજા અને ઠંડીના કારણે રસ્તા પરની અવરજવર સાવ ઘટી ગઈ હતી.

આકરી ઠંડીની આગાહી હજુ બે દિવસ વ્યક્ત કરવામાં આવી હતી. હવામાન વિભાગે ઉત્તર ગુજરાતના અમદાવાદ, બનાસકાંઠા, પાટણ અને ગાંધીનગર જિલ્લા માટે યલો એલર્ટ જાહેર કર્યુ છે. હવામાન વિભાગે જણાવ્યુ છે કે આગામી બે દિવસ હજુ આ વિસ્તારોમાં કોલ્ડવેવની અસર રહેશે. ત્યારબાદ તાપમાન સામાન્ય રહેશે.

ગુજરાતમાં ફરીથી વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. રાજ્યમાં માવઠાની અસર ઓછી થતા હવે કડકડતી ઠંડીનું મોજું ફરી વળ્યું છે. શનિવારે નલિયામાં ૬.૯ ડિગ્રી તાપમાન રહ્યુ હતું. હવામાન વિભાગ દ્વારા કચ્છમાં આગામી બે દિવસ માટે 'યલો એલર્ટ' જાહેર કરવામાં આવી છે. રાજ્યમાં અનેક સ્થળે આગામી બે દિવસ દરમિયાન લઘુતમ તાપમાન ચાર ડિગ્રી સુધી ગગડતાં ઠંડીનું મોજું ફરી વળશે. આ સાથે આજ સવારથી ડાંગના સાપુતારામાં ઝરમર વરસાદની શરુઆત થઈ છે જેને કારણે ઠંડીના પ્રમાણમાં થયો વધારો નોંધાયો છે. નલિયામાં એક ઝાટકે ન્યૂનતમમાં ૯.૩ ડિગ્રીના ઘટાડો થયો હતો.

ગુજરાતમાં પ્રત્યેક ત્રીજો વ્યક્તિ રાજકારણ સાથે જોડાયેલો છે, પાર્ટીના સર્વેનું તારણ

ભાજપનો દાવો છે કે રાજ્યમાં અમારી પાસે ૧.૨૦ કરોડ અને કોંગ્રેસનો દાવો છે કે અમારી પાસે ૮૦ લાખ કાર્યકર્તાઓની ફોજ છે

ગાંધીનગર, તા. ૯

ગુજરાતના રાજકારણની તસવીર સમય આવ્યે બદલાતી જોવા મળતી હોય છે. જેની ચઢતી એની પડતી... એ વાક્ય રાજનીતિમાં યથાર્થ છે. એક સમય હતો કે ગુજરાતમાં કોંગ્રેસ પાસે ૧.૫૦ કરોડ કાર્યકરોની મોટી ફોજ હતી હવે આ ફોજ ભાજપ પાસે છે. ભાજપનો દાવો છે કે તેની પાસે ૧.૨૦ કરોડ કાર્યકરો છે, જેની સામે કોંગ્રેસના નેતાઓ કહે છે કે તેમની પાસે ૮૦ લાખ કાર્યકરો છે.

રાજ્યમાં બન્ને મોટી પાર્ટીના દાવા સાચા માનીએ તો ગુજરાતમાં પ્રત્યેક ત્રીજી વ્યક્તિ રાજકીય પાર્ટી સાથે જોડાયેલી છે. ત્રણ પૈકી બે વ્યક્તિને રાજનીતિ સાથે કોઇ લેવાદેવા નથી. કોંગ્રેસનો દાવો સાચો હોય તો આટલા બધાં કાર્યકરો ચૂંટણીના સમયે ક્યાં ગૂમ થઇ જાય છે તે મોટો પ્રશ્ન છે. એ પણ હકીકત છે કે કોંગ્રેસ છોડીને ભાજપમાં ગયેલા નેતાઓ પાછળ તેમના સમર્થકો અને કાર્યકરો જોડાય છે અને તેની સંખ્યા ૧૯૯૫ પછી ૧૫ લાખ બતાવવામાં આવે છે.

બીજી તરફ ૧૯૯૫ પછી ભાજપને સત્તા મળતાં તેના કાર્યકરોની સંખ્યામાં પણ વધારો થયો છે. ૨૦૦૨ પછી ભાજપમાં કોંગ્રેસના નેતાઓના આગમન શરૂ થતાં કાર્યકરોની સંખ્યામાં મોટો ઉછાળો આવ્યો હતો. ભાજપનો આરોપ છે કે કોંગ્રેસે જનાધાર તો ગુમાવ્યો છે પરંતુ સાથ સાથે કાર્યકરો પરનો વિશ્વાસ પણ ગુમાવ્યો છે. કોંગ્રેસને શહેરી વિસ્તારમાં કાર્યકરો મળતા નથી.

એક સમય હતો જ્યારે કોંગ્રેસનો કાર્યકર રાજ્યના પ્રત્યેક ગામડામાં મોજૂદ હતો આજે એવાં ઘણાં નાના ગામો છે કે જ્યાં કોંગ્રેસના કાર્યકરો

● અનુસંધાન પાન-૭ પર

૨૦૨૧માં સરકારના વિભાગો અને સ્કૂલોમાં કુલ ૧૭ હજાર કર્મચારી-શિક્ષકો વયનિવૃત્ત થયા

ગાંધીનગર, તા. ૯

ગુજરાત સરકારની વિશાળ કર્મચારી ફોજ નિવૃત્તિના આરે છે. છેલ્લા સાત વર્ષમાં પ્રતિવર્ષ સરેરાશ ૧૫ હજાર થી ૧૭ હજાર કરતાં વધુ કર્મચારીઓ વય નિવૃત્ત થયા છે અને હવે ૨૦૨૧ના વર્ષના અંતે ૧૭૦૦૦થી વધુ કર્મચારીઓ વયનિવૃત્ત થઇ ચૂક્યાં છે અને ૨૦૨૨ના અંતે ૧૪૦૦૦ કરતાં વધુ કર્મચારીઓ નિવૃત્ત થવાના છે.

કર્મચારીઓની વિશાળ સંખ્યાબળ ધરાવતી ગુજરાત સરકારમાં નિવૃત્ત થનારા કર્મચારીઓની સંખ્યા વધતી જાય છે. ૨૦૧૯માં નિવૃત્તિનો આંકડો વિક્રમી ૧૯૭૦૦ની સંખ્યા ધરાવતો હતો જ્યારે ૨૦૨૦માં ૧૭૫૦૦ કર્મચારીઓ નિવૃત્ત થયાં છે. નિવૃત્ત થયેલા આ કર્મચારીઓમાં સરકારની વિવિધ કચેરીઓ, શિક્ષકો, પ્રોફેસરો, ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓના કર્મચારીઓ, બોર્ડ-કોર્પોરેશનના કર્મચારીઓ તેમજ વિવિધ પંચાયતના કર્મચારીઓનો સમાવેશ થાય છે. રાજ્ય સરકાર દર વર્ષે જેટલા કર્મચારીઓની ભરતી કરે છે તેનાથી ૧૦ ગણા કર્મચારીઓ નિવૃત્ત થાય છે. ગુજરાત સરકારના વહીવટમાં કાર્યકુશળ અને સિનિયર મોસ્ટ અધિકારીઓની એક મોટી ફોજ નિવૃત્ત થઇ ચૂકી છે. ગુજરાત વહીવટી સેવાના સિનિયર ઓફિસરોની પણ આવી જ હાલત છે. એક મોટી ટીમ નિવૃત્તિના પથ પર છે. બીજી તરફ સરકારમાં વર્ગ-૧ થી વર્ગ-૩ના કર્મચારીઓની નિવૃત્તિનો આંકડો પ્રતિવર્ષ ૧૫ હજાર કરતાં વધી ગયો છે.

સચિવાલયના સૂત્રોના જણાવ્યા પ્રમાણે સરકારી કર્મચારીઓની જેમ પ્રતિ વર્ષ ૩૦૦૦ થી ૫૦૦૦ જેટલા સરકારી શિક્ષકો પણ નિવૃત્ત થઇ રહ્યાં છે. નિવૃત્ત થતાં શિક્ષકો સામે રાજ્ય સરકાર શિક્ષણમાં વિદ્યા સહાયકોની નિયુક્તિ કરી રહી છે પરંતુ સચિવાલય તેમજ અન્ય સરકારી કચેરીઓના કર્મચારીઓની નિવૃત્તિ સામે એટલી ભરતી થતી નથી. આગામી બે વર્ષમાં પણ કર્મચારીઓની નિવૃત્તિનો આંકડો ૩૦,૦૦૦ કરતાં પણ વધારે જોવા મળશે.

સરકારમાં દર વર્ષે હજારો કર્મચારીઓ નિવૃત્ત થતા હોવા છતાં એટલી સંખ્યામાં નવા કર્મચારીઓ લેવામાં આવતા નથી પરિણામે વહીવટી માળખાને અસર થઇ છે. પોલિસી મેકરોની સમસ્યા સર્જાઇ છે. સરકારમાં ઇજનેરો, કાયદાના નિષ્ણાંતો અને ટેકનિકલ સ્કીલ ધરાવતા અધિકારીઓની મોટી ખોટ વર્તાઇ રહી છે.

પ્રતિ વર્ષ નિવૃત્ત થનારા કર્મચારીઓની એવરેજ ૧૫ થી ૧૭ હજાર છે, જેની સામે ભરતીની ટકાવારી ખૂબ ઓછી, નિષ્ણાંતોની સમસ્યા સર્જાઇ છે

શહેર-જિલ્લામાં કોરોનાનો અજગરી ભરડો : નવા ૨૦૫ કેસ

નવ દિવસમાં ૬૯૯ કેસ નોંધાયા : પોઝીટીવીટી રેટ ૩.૯૦ ટકા સુધી પહોંચી ગયો : શહેરમાં ૪ ટકા પોઝીટીવીટી રેટ, નવ દિવસમાં આજે સૌથી વધુ ૨૦૫ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર-શહેર જિલ્લામાં કોરોનાએ અજગરી ભરડો લીધો છે. શહેર-જિલ્લામાં આજે ૬૫૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

શહેર-જિલ્લામાં કોરોનાનો પોઝીટીવીટી રેટ ૩.૯૦ ટકા સુધી પહોંચી ગયો છે. શહેરમાં તો પોઝીટીવીટી રેટ ૪ ટકા સુધી પહોંચ્યો છે.

શહેર-જિલ્લામાં આ વખતની લ્હેરમાં મહિલાઓ, બાળકો અને યુવાઓ વધુ સંક્રમિત થઈ રહ્યા છે જેણે તંત્રની ચિંતા વધારી છે. મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રને આ દર્દીઓનું મોનીટરીંગ કરવુ પણ એક પડકારરૂપ બની રહ્યુ છે.

શહેર-જિલ્લામાં કોરોનાની ગાઈડલાઈન્સની અમલવારી અસરકારક રીતે થાય તે જોવાની પ્રભારી સચિવની સૂચનાના બે દિવસમાં જ શહેરમાં ૩૦૦ જેટલા કેસો સામે આવ્યા છે. જે ખુબજ ચિંતાજનક સ્થિતિ દર્શાવે છે.

ગાંધીનગર શહેર જિલ્લામાં જે રીતે કોરોનાએ અજગરી ભરડો લીધો છે તેણે તંત્રની જ નહિ પણ સૌ કોઈની ચિંતામાં વધારો કર્યો છે. કોરોનાની બીજી લ્હેર જ્યારે પીક પર હતી ત્યારે ૨૦૦થી વધુ કેસ નોંધાયા હતા. શહેર-જિલ્લામાં આજે ૬૫૩ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

શહેર-જિલ્લામાં આજે વધુ ૨૩ દર્દીઓ કોરોનામુક્ત થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેર-જિલ્લામાં ૯ દિવસમાં ૬૯૯ જેટલા કેસો સામે આવ્યા છે. ઓમિક્રોનના પાંચ કેસનો પણ આમાં સમાવેશ થાય છે.

ટેસ્ટીંગ અને ટ્રેકીંગ સાથે ટ્રીટમેન્ટની આક્રમક રણનીતિ સામે કોરોનાએ તેનો અજગરી ભરડો લેતાં તંત્રને હવે આકરા પગલાં લેવા મજબુર કરી રહેલ છે.

ગ્રામ વિકાસ કમિશનરશ્રીની કચેરીએ તો વર્ક ફ્રોમ હોમનો અભિગમ અમલી બનાવી દીધો છે. શહેર-જિલ્લાની અન્ય કચેરીઓમાં પણ આ અભિગમ અપનાવવાની દિશામાં આગળ હવે વિચારવુ પડશે.

સંક્રમણ વધી ગયુ છે અને લોકો પણ હવે બેદરકારી નહિ પણ સાવધ થઈ તેમની કામગીરી કરે તે અત્યંત અનિવાર્ય બન્યુ છે. ધન્વન્તરી રથના ભ્રમણ દરમ્યાન પણ ઈમ્યુનીટી બુસ્ટ અપ થાય તેવા પગલાં વધુ લેવાય તે જરૂરી બન્યુ છે.

શહેરમાં કોરોનાનો કહેર : નવા ૧૫૩ કેસ

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં ૧૦૦ કેસ : સેક્ટરોમાં ૫૦ કેસ : આઈ.આઈ.ટી., સ્પોર્ટ્સ ઓથોરીટી હોસ્ટેલમાં કોરોના પહોંચ્યો : ૩ બાળકો ૧૦ વર્ષથી નાના સંક્રમિત થયા : સરગાસણમાં ૨૪, કુડાસણમાં ૨૦, વાવોલ-પેથાપુરમાં ૯-૯, રાયસણમાં ૬, સે. ૧૨માં ૮, સે. ૧૫ માં ૬, સે. ૮ માં ૫, સે. ૩ માં ૪ કેસ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના નવા કેસો ૧૫૩ નોંધાતા શહેરનું આરોગ્યતંત્ર સ્તબ્ધ બની ગયુ છે. આજે નોંધાયેલા કેસોની સંખ્યા સાથે ૫૪૩ થઈ છે.

શહેરમાં કેસોની સંખ્યામાં થયેલા વધારાને લઈ તંત્ર સ્તબ્ધ થઈ ગયુ છે અને રજાના દિવસે પણ સતત દોડધામમાં વ્યસ્ત રહ્યુ હતુ.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્યવિસ્તારમાં ૧૦૦ કેસ નોંધાયા છે જ્યારે સેક્ટરોમાં ૫૦ અને આઈઆઈટીમાં ૩ કેસ નોંધાયા છે.

શહેરમાં કોરોનાનો પોઝીટીવીટી રેટ ૪ ટકાએ પહોંચ્યો છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં બધા દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. મળતી વિગતો પ્રમાણે આજે નોંધાયેલા કેસોમાં ૪૫ થી વધુ દર્દીઓ ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવે છે.

શહેરમાં આઈ.આઈ.ટી. જેવી શૈક્ષણિક સંસ્થા ઉપરાંત સ્પોર્ટસ ઓથોરીટીની હોસ્ટેલોમાં કેસો મળતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૪ થી ૨૦ વર્ષની વયના ૨૮ દર્દીઓ છે જ્યારે ૫૭ મહિલા દર્દીઓ છે. આ વખતે યુવા દર્દીઓ પણ વધુ સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

બીજી લ્હેર વખતે સંવેદનશીલ બનેલા શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વલિસ્તારમાં આ વખતે પણ વધુ સંવેદનશીલ બની ઉભરી રહ્યા છે. આજે સરગાસણમાં ૨૪, કુડાસણમાં ૨૦, વાવોલમાં ૯, પેથાપુરમાં ૯, રાયસણમાં ૬, ઝુંડાલમાં ૪, ભાટ-પાલજમાં ૩-૩, કોલવડા-અંબાપુરમાં ૨-૨ કેસ નોંધાયા છે.

શહેરના સે. ૧૨ માં ૮, સે. ૧૫ માં ૬, સે. ૮ માં ૫, સે. ૩ માં ૪, સે. ૨૬, ૧ માં ૩-૩, સે. ૫, ૬, ૨, ૨૩, ૯, ૧૩ માં ૨-૨ કેસ નોંધાયા છે. આ ઉપરાંત સે. ૧૪, ૨૧, ૨૦, ૨૭, ૧૯, ૪, ૭, ૨૨ અને ઈન્ફોસીટીમાંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં જે રીતે કેસો વધી રહ્યા છે તેથી સોમવારથી ફરજીયાત માસ્ક તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગના નિયમોની અમલવારી માટે તંત્ર આકરી કાર્યવાહી કરશે તેમ મનાઈ રહ્યુ છે.

પેથાપુરમાં ૪ વર્ષના બાળકનો, કુડાસણમાં ૭ વર્ષના બાળકનો, સરગાસણમાં ૬ વર્ષના બાળકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય નાના ભૂલકાઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસો સાથે ૪૫૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ

● અનુસંધાન પાન-૭ પર

ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૫૨ કેસ

દહેગામ ૧૨, ગાંધીનગર ૨૦, કલોલમાં ૧૬ અને માણસામાં ૪ કેસ : ૧૮ મહિલા, ૭ વિદ્યાર્થી, ૪ ખેડૂત; ૬ કર્મયોગી સંક્રમિત : ૪ ને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા : અડાલજમાં આજે વધુ ૭ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૨ કેસ કોરોનાના નવા નોંધાતા તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યા વધતાં તંત્રની દોડધામ વધી જવા પામી છે. આજે નોંધાયેલા કેસો સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોની સંખ્યા ૨૪૫ થઈ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યામાં થઈ રહેલા વધારાને પગલે આજે રજાના દિવસે પણ અધિકારીઓ કચેરી અને ફિલ્ડમાં દોડતા રહ્યા હતા.

જિલ્લાના દહેગામમાં ૧૨ કેસ, ગાંધીનગરમાં ૨૦, કલોલમાં ૧૬ અને માણસામાં ૪ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવા માટે તેમજ કોરોના ગાઈડલાઈન્સના પાલન માટે તંત્રને જરૂરી પગલાં લેવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૪ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. છ જેટલા દર્દીઓ ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા હોવાનું જાણવા મળેલ છે. આજે નોંધાયેલા કેસોમાં ૭ વિદ્યાર્થી, ૪ ખેડૂત, ૬ કર્મયોગી અને ૧૮ મહિલાઓનો સમાવેશ થાય છે. બિનસત્તાવાર સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે કલોલ-માણસામાં ત્રણ શિક્ષકો સંક્રમિત થયાના અહેવાલથી શિક્ષણતંત્રમાં ખળભળાટ મચી જવા પામેલ છે.

દહેગામ તાલુકામાં આજે ૧૨ કેસ નોંધાયા છે. જેમાં ત્રણ મહિલા દર્દીનો સમાવેશ થાય છે. દહેગામ શહેરમાં આજે એક જ દિવસમાં નવ કેસ નોંધાતાં શહેરમાં સન્નાટો ઉભો થઈ ગયો હતો. આ ઉપરાંત બબલપુરા ગામે બે કેસ અને રખિયાલમાં ૫૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

દહેગામમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર તાલુકામાં આજે ૨૦ કેસ નોંધાયા છે. ગાંધીનગર તાલુકામાં કોરોના માટે હોટસ્પોટ બનેલ અડાલજ ગામમાં આજે વધુ ૭ કેસ મળી આવતાં તંત્રમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. એક જ ગામમાં અત્યાર સુધીમાં ૩૦થી વધુ કેસ નોંધાયા છે.

લેકાવાડા સ્થિત સી.આર.પી.એફ. કેમ્પમાં આજે વધુ પાંચ કેસ કોરોનાના નોંધાયા છે. આજે નોંધાયેલા પાંચ કેસમાંથી બે દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બી.એસ.એફ.ના આલમપુર કેમ્પમાં આજે વધુ બે કેસ નોંધાયા છે. જે પૈકી એક દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

સાદરા ગામે ૧૮ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. પીંપળજ ગામમાંથી પણ વધુ બે કેસ મળી આવ્યા છે.

ઉવારસદ નજીક આવેલ કર્ણાવતી ડેન્ટલ કોલેજની હોસ્ટેલમાં એક ૧૯ વર્ષીય વિદ્યાર્થીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઉવારસદમાં પણ એક ૧૮ વર્ષના વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત અદાણી શાંતિગ્રામમાં એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ તાલુકામાં આજે વધુ ૧૬ કેસ નોંધાયા છે. કલોલ અર્બનમાં ૧૦ કેસ નોંધાયા છે. તાલુકાના ધાનજ પી.એચ.સી.ની હદમાં આવેલ અદાણી શાંતિગ્રામમાં આજે વધુ ૩ કેસ નોંધાયા છે. આ ઉપરાંત સઈજ ગામે એક ૬૨ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે જેને સારવાર માટે હોસ્પિટલમાં

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com